જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૧૦/૨૦૧૭ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૨૦૯૦/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૬૭ કેસ કરી, ૫૦ વ્યક્તિઓને ઝડપી, ૩૯૭ લીટર દેશી દારૂ, ૧૦૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ બિયર ટીન, ૨ સ્કુટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧,૬૬,૨૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૯૧/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૨/૧૭**

**વટવાઃ** ધનશ્યામભાઇ જીવાભાઇ પટેલ (રહે. મંથન ફ્લેટ આસોપાલવની બાજુમા મહાલક્ષ્મી તળવાની પાસે વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૦/૧૭ કલાક ૫/૦૦ થી તા.૧૫/૧૦/૧૭ કલાક ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/-મળી કુલ રૂપિયા ૧,૩૭,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.જી.વસાવા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૩/૧૭**

**વસ્ત્રાપુરઃ** નિર્મલસિંહ હનુમાનસિંહ રાજપુરોહિત (ઉ.વ.૩૪) (રહે. આનંદદીપ સોસાયટી ટીપી-૧૩ છાણી જકાતનાકા વડોદરા) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૦/૧૭ બપોરના ૨/૦૦ થી ૨/૩૦ વાગ્યા દરમ્યાન સીંધુભવન નર્મદા આવાસ યોજના બ્લોક નં ૩૭ આગળ પાર્કિંગમાં બે પુરૂષ નિર્મલસિહ નજીક આવી કહેલ કે તમારી ગાડીમાંથી ઓઈલ ટપકે છે તેમ કહેતા નિર્મલસિહ તપાસ કરવા જતા તેમની નજર ચુકવી કારમાંથી બેગની ચોરી કરી લઈ આ બન્ને પુરૂષો પલાયન થઈ ગયા હતા. જે બેગમાં લેપટોપ કિમત રૂપિયા ૨૫,૦૦૦/-, આઇપેડ કિમત રૂપિયા ૨૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૩૨,૦૦૦/- તેમજ જરૂરી કાગળો મળી કુલ રૂપિયા ૧,૮૨,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.વી.ચુડાસમા ચલાવે છે.

**નવરંગપુરાઃ** લાભુભાઇ સીમાઇભાઇ દેસાઇ (રહે. એડમીન હાઉસ નગરી હોસ્પીટલ રોડ ગુજરાત દાલવડાની બાજુમા એલીસબ્રીજ) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૦/૧૭ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે નવરંગપુરા સી.જી રોડ ઝેડ બ્લ્યુના શો રૂમની નીચે એક પુરૂષ લાભુભાઈ દેસાઈની કાર નજીક આવી કહેલ કે આગલ ઓઈલ પડેલ છે તેમ કહેતા લાભુભાઈ સાફ કરવા જતા તેમની નજર ચુકવી કારમાંથી બેગની ચોરી કરી લઈ આ પુરૂષ પલાયન થઈ ગયો હતો. જે બેગમાં જરૂરી કાગળો અને રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.રાઠોડ ચલાવે છે.

**પહેલા માળેથી પડી જતાં મૃત્યુઃ** **સમાચાર યાદી નં.૨૦૯૪/૧૭**

**નિકોલઃ** કઠવાડા ગામ કઠવાડા તળાવ પાસે સત્વ ગોકુળ ગેલેક્ષી ખાતે રહેતા અને ત્યાંજ મજુરી કામ કરતા મનુભાઇ માવીનો પુત્ર નિલેશ (ઉ.વ.૪) સત્વ ગોકુળ ગેલેક્ષીની ગેલેરીમાંથી રમતા રમતા પહેલા માળેથી પડી જતા માથાના ભાગે ગંભીર ઇજાઓ થતા સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં લઈ જતા સારાવાર દરમ્યાન ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યો હતો આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો દિપસિંહ ઉદાજી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** :- **સમાચાર યાદી નં.૨૦૯૫/૧૭**

**રીવરફ્રન્ટ ઇસ્ટઃ** બોડકદેવ કોસ્મો વિલે બંગલોઝમાં પીજી.તરીકે રહેતી મૌલીકા વિશ્વચંદ્ર પાલ (ઉ.વ.૨૨) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૦/૧૭ બપોરના ૧/૪૫ વાગ્યા પહેલા દધીચી બ્રીજ નીચે નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.પી.રાઠોડ ચલાવે છે.

**સરખેજઃ** અફશાના વા/ઓ અકબરભાઈ મોમીન (ઉ.વ.૩૦) (રહે.બાદ્રાવાડ નરીમાનપુરા ધોળકા રોડ સરખેજ) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૦/૧૭ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા સારવાર દરમ્યાન બપોરના ૨/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.ચૌધરી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.